## જન્મદિને વધામણી



ભરતભાઈ પંડ્યા
સિટિ એન્જિનીયર
ગાંધીનગર મહાનગરપાલિકા
મો. ૯૮૯૮૧ ૪૭૦૭૨



દિપક એમ ગાંધી
મો. ૯૮૨૫૦ ૬૮૧૩૪



નૂપુર સોની
લાયોનેસ ક્લબ



રિતેષ રાવત
મો. ૯૬૬૨૪ ૪૭૬૬૩



કાર્તિકેય સોબતી
મો. ૯૪૨૭૬ ૨૬૬૯૬



જીયા ઉપેશકુમાર સોલંકી
મો. ૯૬૬૨૬ ૮૬૭૫૬

# ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન




ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન સેક્ટર-૧૬ની શ્રદ્ધાદીપ લૅબોરેટરી ખાતે કરવામાં આવ્યું હતું. પાસ્ટ પ્રૅસિડૅન્ટ અરુણાબેન ગજ્જરની રાહબરી હેઠળ આ કૅમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં ક્લબનાં સભ્ય બહેનોએ રક્તદાન કર્યું હતું. લાયોનેસ પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાણી, સૅક્રેટરી નીતાબેન રાણા, એરિયા ચૅરપર્સન યંદાબેન યાદવ, ક્લબ કો-ઓર્ડિનેટર મમતાબેન રાવલ, બ્લડ ડોનેશન કમિટીનાં ચૅરમૅન વૈશાલીબેન જોષી, પૂર્વ પ્રમુખો તેમજ ક્લબનાં સભ્ય બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# સોજા હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધપ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ ઍચ ઍમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના પટાંગણમાં બાલમંદિર, પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા અને જિલ્લા પંચાયત, સોજાના સદસ્ય જયેશભાઈ ચૌધરીના ઉપક્રમે ઔષધિય ઉકાળા કૅમ્પ અંતર્ગત આ શાળામાં વિદ્યાર્થીઓને સ્વાઈન ફ્લુથી બચાવવા માટે આ આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.

સોજા ગામના માજી સરપંચ મોતીભાઈ પ્રજાપતિ, જિલ્લા કિસાન મોરચાના અધ્યક્ષ સી કે પટેલ, સામાજિક અગ્રણી પરેશભાઈ પટેલ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આયુર્વેદિક ઉકાળાની બનાવટ અને અસરકારકતા વિશે શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક રાકેશ પ્રજાપતિ 'રાહી'એ તલસ્પર્શી સમજ પૂરી પાડી હતી. શાળાના આચાર્ય ભાવેશભાઈ જોષીએ રોગપ્રતિકારક શક્તિવર્ધક ક્વાથના નિઃશુલ્ક કૅમ્પની સફળતા બદલ સ્ટાફ, આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

# વિદ્યાર્થીઓ દ્વારા મહામંત્રનો સમૂહ જાપ



સવા કરોડ મહામંત્ર જાપ ઉપક્રમ અંતર્ગત અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા પ્રેક્ષા વિશ્વ ભારતી, કોબા ખાતે સમૂહજાપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહાપ્રજ્ઞ વિદ્યા નિકેતન સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

લીંબોદરા સેવા સમાજ દ્વારા

# ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે સ્કૂલ બેગ વિતરણ કાર્યક્રમ



લીંબોદરા સેવા સમાજ દ્વારા જય પ્રસન્ન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે સ્કૂલ બેગ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અમદાવાદથી પધારેલાં આશિનીબેન, પૂર્વીબેન, શ્રદ્ધાબેન, વૈશાલીબેન અને મનીષાબેનના હસ્તે સ્કૂલબેગ, કલર બૉક્સ, પૅન્સિલ બૉક્સ અને સ્કૅચબૂકનું વિતરણ કરવામાં આવ્યું હતું. પોતાનાં સખી નિકીતાબેનના સ્મરણાર્થે દરેક બહેને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે લીંબોદરા સેવા સમાજના પ્રમુખ નરેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મધુ ભાર્ગવ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ટોઈલેટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ઍનાબેલ (અંગ્રેજી)
૩.૦૦, ૭.૩૦
ઍનાબેલ (હિન્દી)
૫.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
તંબુરો (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૦૦
૭.૪૫, ૧૦.૦૦
પાર્ટીશન ૧૯૪૭
૫.૩૦

**સ્ક્રીન-૫**
બૅરિલી કી બરફી
૧૦.૦૦, ૧૨.૪૫,
૩.૪૫, ૧૦.૧૫
પાર્ટીશન ૧૯૪૭
૮.૦૦

# સાયન્સ કૉલેજની ૧૬૦ બેઠકો માટે ૧૫૦૦થી વધારે ફોર્મ ભરાયાં

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી સાયન્સ કોલેજો પૈકી ત્રણ ગ્રાન્ટેડ કોલેજમાં ખાલી પડેલી ૧૬૦ જેટલી બેઠકો માટે બુધવારે વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાની સૂચના આપવામા આવી હતી. ભવન્સ કોલેજોમાં આ ફોર્મ ભરવાની જાહેરાત કરવામાં આવી હતી. વહેલી સવારેથી ફોર્મ ભરવા માટે વિદ્યાર્થી-વાલીઓએ લાંબી કતારો લગાવતાં ભારે અરાજક્તાભરી સ્થિતિ ઊભી થઈ હતી.

આશ્ચર્યની વાત એ કે આટલી બેઠકો માટે પહેલા જ દિવસે ૧૫૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા હતા. આવતીકાલે પણ ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે. યુનિવર્સિટીએ કરવાની થતી પ્રક્રિયા કોલેજોને સોંપી દેવામાં આવતાં કોલેજ પ્રિન્સિપાલમાં પણ ભારે રોષ ફેલાયો છે.

યુનિવર્સિટીની ત્રણ ગ્રાન્ટેડ સાયન્સ કોલેજોમાં અંદાજે ૧૬૦ બેઠકો ખાલી પડી છે. આ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકે તે માટે ઓફલાઈન કાર્યવાહી કરવાનું નક્કી કરાયું હતું. જેમાં તા. ૨૩ અને ૨૪ એમ, બે દિવસ વિદ્યાર્થીઓ પાસેથી ફોર્મ મંગાવવામાં આવ્યા હતા. સૂત્રો કહે છે બપોરે ૧૨ વાગે કોલેજમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ મળીને અંદાજે ૩થી ૪ હાજર જેટલી જનમેદની ભેગી થઈ જતાં ભારે અરાજક્તાભરી સ્થિતિ ઉભી થઈ હતી, જેના કારણે વિદ્યાર્થીઓ, વાલીઓમાં રોષ ફેલાયો હતો.

ઓફલાઈન પ્રક્રિયાના કારણે હવે વિદ્યાર્થીઓએ પહેલા ફોર્મ ભરવા, ત્યારબાદ મેરિટ જોવા અને છેલ્લે પ્રવેશ લેવા એમ, ત્રણ ધક્કા ખાવા પડે એવી સ્થિતિ થઈ છે.

# પેરામૅડિકલની મૅનેજમેન્ટ ક્વોટાની બેઠકો મુદ્દે વિદ્યાર્થી-વાલીઓમાં પ્રવર્તતી દ્વિધાભરી સ્થિતિ

ગાંધીનગર, તા. ૨૪

મેડિકલમાં પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આગામી તા. ૩૦મીથી પેરા મેડિકલમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ થવાની છે ત્યારે હજુસુધી પેરા મેડિકલ કોલેજોની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો કેવી રીતે ભરાશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. હાઈકોર્ટમાં આ મુદ્દે જીતી ચુકેલા પેરા મેડિકલના સંચાલકો વચ્ચે જ સંકલન ન હોવાની વિગતો પણ બહાર આવી રહી છે. બીજી બાજુ સરકારે પણ હજુ સુધી આ અંગે કોઈ સ્પષ્ટતા ન કરતાં હાલ વિદ્યાર્થી-વાલીઓમાં દ્વિધાભરી સ્થિતિ જોવા મળી રહી છે. પેરા મેડિકલ એટલે કે હોમિયોપેથી, આયુર્વેદ, ફિઝિયોથેરાપી, નર્સિંગ સહિતની સ્વનિર્ભર કોલેજોની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો સરકારે એટલે કે પ્રવેશ સમિતિ દ્વારા ભરવાનું નક્કી કરાયું હતું. જેની સામે સ્વનિર્ભર કોલેજ સંચાલકોએ કોર્ટનો આશરો લીધો હતો. કોર્ટમાં સંચાલકો જીતી જતાં પોતાની રીતે બેઠકો ભરવાની તૈયારી શરૂ કરી હતી. જો કે, સરકારે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવાની તૈયારી કરીને રીટ કરી હતી. ને અચાનક રીટ પાછી ખેંચી લીધી હતી. હવે મેનેજમેન્ટ ક્વોટાની પ્રવેશ પ્રક્રિયા કેવી રીતે થશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.




(૧) ૨૦૧૭માં રાષ્ટ્રી યખેલ સંગ્રહાલય કયા શહેરમાં નિર્માણ પામશે ?
(એ) દિલ્હી
(બી) લુધિયાણા
(સી) અમૃતસર
(ડી) કાનપુર

(૨) ૨૦૧૭માં ફિબાએશિયા બાસ્કેટ બૉલ ચૅમ્પિયનશીપનો ખિતાબ કયા દેશની ટીમે જીત્યો હતો ?
(એ) ઈરાન (બી) ઈરાક
(સી) ભારત (ડી) ઑસ્ટ્રેલિયા

(૩) ૨૦૧૭માં કયા રાજ્યમાંથી ક્લાઉડ સીડિંગ પરિયોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
(એ) ઉત્તર પ્રદેશ (બી) પંજાબ
(સી) કર્ણાટક (ડી) કેરલ

(૪) ૨૦૧૭માં ભારતીય રેલવે બોર્ડના નવા ચેરમેન પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) અશ્વિનીકુમાર (બી) અશ્વિની લોહાની
(સી) અશ્વિનીકુમાર (ડી) અશ્વિની શર્મા

(૫) ૨૦૧૭માં કયા રાજ્યની સરકારે મુખ્યમંત્રી મેધાવી વિદ્યાર્થી યોજનાનો પ્રારંભ કર્યો છે ?
(એ) ઉત્તર પ્રદેશ (બી) પંજાબ
(સી) ઝારખંડ (ડી) મધ્યપ્રદેશ

(૬) ૨૦૧૭માં અર્જુન પુરસ્કાર પ્રાપ્ત કરનાર હરમનપ્રીત કૌર કઈ રમત સાથે સંકળાયેલાં છે ?
(એ) ગોલ્ફ (બી) હોકી
(સી) કબડ્ડી (ડી) ક્રિકેટ

(૭) ૨૦૧૭માં નીચે પૈકી કયા ખેલાડીને દ્રોણાચાર્ય પુરસ્કાર પ્રાપ્ત થયો છે ?
(એ) વરુણસિંહ ભાટી (બી) મરિયપ્પન થાંગાવેલુ
(સી) પી ઍન પ્રકાશ (ડી) ડૉ. આર ગાંધી

(૮) ધ્યાનચંદ પુરસ્કાર મેળવનાર સુમારાઈ ટેટે કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(એ) ફૂલબૉલ (બી) હોકી
(સી) ખો ખો (ડી) કબડ્ડી

(૯) વર્ષ ૨૦૧૭માં કુલ કેટલા ખેલાડીને રાજીવ ગાંધી ખેલ રત્ન ઍવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(એ) ૧ (બી) ૨
(સી) ૩ (ડી) ૪

(૧૦) ૨૦૧૭માં કુલ કેટલા રમતવીરોને અર્જુન પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા ?
(એ) ૧૫ (બી) ૧૬
(સી) ૧૭ (ડી) ૧૮

# હૉસ્પિટલમાં બાળમૃત્યુ સામે કાળી કમાણીની કારમી જીત




ઉત્તર પ્રદેશની ગોરખપુર હૉસ્પિટલમાં જે કાંઈ બન્યું તેનાથી સમગ્ર દેશની જનતા આઘાત પામી. એક બાજુ નાનાં બાળકો દવાખાનામાં ટપોટપ મરી રહ્યાં હતાં તો બીજી તરફ મોતની સામે કાળી કમાણી કરનારાઓ પોતાની ઉજવણીમાં વ્યસ્ત હતા એવું સ્ટીંગ ઑપરેશનમાં બહાર આવ્યું ત્યારે રૂંવાડાં ઊભાં થઈ ગયાં. ઉમદા કામ અને ઝડપી કાર્યવ્યવસ્થા માટે યોગી સરકાર ભારે કડક શાસન ચલાવવા મક્કમ હોવા છતાં આ પ્રકારની કમનસીબ ઘાતક ઘટનામાં ૬૩થી વધુ બાળકોએ પ્રાણ ગુમાવ્યા અને એ માટે વિવિધ કારણો બહાર આવ્યાં. ઑક્સિજનના સિલિન્ડર્સની કમી મુખ્યત્વે હતી પરંતુ આ પ્રથમ દૃષ્ટિય કારણ હોવા છતાં જે વાસ્તવિક સ્થિતિ બહાર આવી તે જોઈને મનમાં એવી ઉદાસી છવાઈ ગઈ કે નાણાને ક્યાં અને કેટલી મહત્તા લોકો કોના ભોગે આપી રહ્યા છે ? પરમેશ્વરથી પણ પૈસાને મોટો બનાવ્યો તેની આ ફળશ્રુતિ છે.

બાળકોને ઈશ્વરના સીધા પ્રતિનિધિ માનવામાં આવે છે. કારણ કે તેઓ નિર્દોષ તથા આ સંસારના ઝેરથી મુક્ત હોય છે. બાળકોનાં જે પ્રકારે મૃત્યુ થયાં છે તેમાં દોષિત કોણ ? ઑક્સિજનની અછત એ મુખ્ય કારણ છે પરંતુ દોષિત હોય તો એ વર્ષોજૂની ભ્રષ્ટાચારી સિસ્ટમ છે એ સ્ટિંગ ઑપરેશનમાં સાબિત થયું છે. મૂળ સુધી તપાસ કરતાં જે જાણવા મળ્યું તે જાણીને રૂહ કંપી ઊઠી. કેમ કે નાણાની કમાણીથી વ્યવસ્થાતંત્ર આટલું પાપ કરી શકે છે. દવાખાનામાંથી ભ્રષ્ટાચારની જે બદબૂ બહાર આવી છે તે મુજબ દર્દીને જ બહારથી દવા લાવવી પડે છે અને લાવવામાં આવતી દવાને હૉસ્પિટલમાં અલગ મૂકી નકલી યા લોકલ બનાવટની દવાથી જ સારવાર કરવામાં આવી રહી છે. દવાખાનાની જરૂરિયાત મુજબની દવાઓ પણ કોઈ એક નિશ્ચિત સ્ટોરમાંથી જ ખરીદ કરવામાં આવતી અને એ પણ પેપર ઉપર ! કેવો ભ્રષ્ટાચાર !

બાળમૃત્યુની સંખ્યા આટલી વધી ગઈ, પરિવારોનું આટલું આક્રંદ થયું પરંતુ પાપની કમાણી કરનારાઓનાં દિલ જરા પણ રડ્યાં નથી કે એમને આ બાબતનો કોઈ અહેસાસ પણ થયો નહીં એ આપણા ક્રૂર સમાજની કડવી વાસ્તવિકતા છે. કૅન્સર જેવા રોગમાં દવાઓ મોંઘી હોય છતાં તે દર્દીઓ બહારથી લઈ આવે તો જ સારવાર થાય અને એ પણ નકલી યા સ્થાનિક દવાઓ દ્વારા, નહીં કે તેઓ એ દવા લાવ્યા છે તેનાથી. આ તો અધમતાની ટોચ કહેવાય. ગરીબ દર્દીઓને સરકારના નીતિ-નિયમો મુજબ જે સારવાર મળવી જોઈએ તે મુજબ કશુ થતું નથી એવું જાણવા મળ્યું છે. બાળકો તો પાપી માનવીઓનાં પાપકર્મથી આ દુનિયા છોડીને જતા રહ્યાં પણ આ ભ્રષ્ટ માનવીઓ સામે હવે કોઈ નક્કર કાર્યવાહી થશે કે નહીં એ મૂળ મુદ્દાનો પ્રશ્ન છે. યોગી આદિત્યનાથ જ્યારથી ઉત્તર પ્રદેશની સત્તામાં આવ્યા છે ત્યારથી જ કડક ભાષામાં પ્રવચનો કરે છે, જાત તપાસ કરે છે. છતાં વહીવટી તંત્રની ભ્રષ્ટ નીતિ અને જવાબદાર માણસોમાં કોઈ પરિવર્તન આવ્યું હોય તેવું જોવા મળતું નથી. સરકારી ક્ષેત્રનાં દવાખાનાઓમાં પુષ્કળ ગૅરરીતિઓ જોવા મળે છે પરંતુ નાણાની કાળી કમાણીના મોહમાં હવે અંધાપો આવી ગયો હોય તેવી કરૂણ સ્થિતિ ઊભી થઈ છે. નાણા પદ્ધતિ ગમે તે હોય, નાણાપ્રથા ગમે તે હોય પરંતુ ખોટું કરનારાઓ રસ્તા શોધી જ લે છે. પ્રજાની સુખાકારીનો જ્યાં મહામંત્ર હોય ત્યાં પાપી રૂપિયાની છબિ ટીંગાતી જોઈને દુખ અવશ્ય થાય છે. યોગીજીની નિષ્ઠા કે વહીવટની જે ધગશ છે તેમાં કોઈ વિવાદ નથી પરંતુ ગૂડ ગવર્નન્સના ઉત્તર પ્રદેશમાં લીરા ઉડ્યા છે તે નક્કી છે. દવાખાનાનાં સફેદ વસ્ત્રોમાં હરતા-ફરતા તબીબો વગેરે ઈશ્વરના પર્યાય હોવા જોઈએ તેમ છતાં તેમાં શયતાનો પણ વસી રહ્યાનું જાણીને વધુ આઘાત લાગે છે. પૈસો જે બીજાને મારીને મેળવાય છે તે લક્ષ્મી નથી પણ સ્વયંના મોતનું કારણ હોય છે.

સરકારી ક્ષેત્રની હૉસ્પિટલ્સનું સખ્ત ઑડિટ હોવું જ જોઈએ. વહીવટકર્તાઓ જે સંલગ્ન હોય છે તેમને ખોટા કામમાં સહકાર આપવા બદલ નિયમિત હપ્તા પહોંચતા થતા હોય તેવી વાત પણ ગોરખપુરની ઘટનામાં જાહેર થઈ છે. આ સ્થિતિ તો માનવધર્મની હત્યા જેવી છે. દર્દીઓ દર્દ કરતાં ખરાબવહીવટથી વધુ પરેશાન થઈ જતા હોય છે અને ઘણીવાર દર્દીને ત્યજીને તેના પરિવારજનો દવાખાનેથી જતા રહે છે. આ સ્થિતિમાં આપણે વિકસવાનું ધ્યેય પાર પાડવાનું છે ! આરોગ્યના ક્ષેત્રમાં કોઈ પ્રકારે સ્વસ્થ સ્થિતિ જોવા મળતી નથી. સલામતથી સારવાર સુધીમાં ધક્કા, અપમાન, રૂક્ષ વલણ, પક્ષપાત અને અસહાય સ્થિતિ જેવાં નક્કર કારણો સર્વત્ર જોવા મળી રહ્યાં છે. દોષિતોને બક્ષવામાં નહીં આવે તેવા દિલાસા હવે ગળે ઉતરતા નથી કારણ કે દોષિતોને ત્વરિત દંડ પણ થતો નથી. કાર્યપદ્ધતિ અને કૉર્ટના પાટે ઝડપથી ઉકેલ કદિ મળતો પણ નથી. ડૉક્ટરમાં દર્દી પોતાનું સ્વાસ્થ્ય શોધે અને દર્દીમાં તબીબ બીજું કંઈક તો પછી માનવતા ક્યાંથી જીવશે ?

**શેર આસ્વાદ**

ધડકન કાશી હો જાતી હૈ
જબ સાંસે પ્યાસી હો જાતી હૈ,
અખિયોં મેં મદીના ઝલકતા હૈ
જબ રૂહ સંન્યાસી હો જાતી હૈ

